સામેરી- એમ નિત્યે નવી નાથજી, કરે લીળા સુંદર શ્યામ ।
સંત રહ્યા ગુજરાત્યમાં, પોતે આવ્યા ગઢડે ગામ ॥૧॥
અતિરાજી અલબેલડો, કરે હસી હસીને વાતડી ।
સંતમંડળને શ્યામળો, ઘણું સરાય છે ઘડી ઘડી ॥૨॥

પરમહંસ જેવા પૃથ્વીમાં, આજ નથી કોઈ અંગે ।
તન મનનાં સુખ ત્યાગી, રાચ્યા છે પ્રભુને રંગે ॥૩॥
ત્યાગ વૈરાગ્યે ત્રણ્યે લોકમાં, નાવે જોડ્યે કોઈ જન ।
તેને જોઈ અંતર મારું, થાય છે પ્રરસન ॥૪॥
એમ કહે અલબેલડો, મોટ્યપ મુનિજનની ।
સુણી હરિજન મનમાં, ઈચ્છા કરી દર્શનની ॥૫॥
જને વહેલ્યું જોતરી, ચાલ્યા સર્વે સખા સાથજી ।
સંગે સુંદર શ્યામળો, પોતે પધાર્યા નાથજી ॥૬॥
વાટ માંહિ વિવિધ ભાત્યે, લીળા લાલ કરે ઘણી ।
જોઈ જન મન મોદ પામ્યા, સામર્થી શ્રીહરિતણી ॥૭॥
પછી જઈ જેતલપુરમાં, છબીલો છાના રહ્યા ।
દિન દો ચારેક ત્યાં રહી, પછી વાલમજી વળી આવિયા ॥૮॥
ત્યાર પછી પધારીયા તે, વળી વરતાલ ગામ ।
દેવા દર્શન દાસને, આવ્યા તે સુંદર શ્યામ ॥૯॥
સંત સર્વે સાંભળી વળી, આવ્યા અલબેલા કને ।
સુંદર શ્યામ સલુણી મૂર્તિ, નિર્ખિ નયણાં ભરી જને ॥૧૦॥
સંતને બહુ સુખ આપ્યાં, કરી હરિ વાત હિતની ।
સુણિ જન મન મગન થયાં, સ્થિર થઈ વૃત્તિ ચિત્તની ॥૧૧॥
પછી બીજે દિન બોલિયા, સંત સાંભળો સહુ વાત ।
અમે આંઈથી સધાવશું, આપો શિખ દઈ રળિયાત ॥૧૨॥
રાજી થઈ શિખ આપશો, તો રાખશું ખબર અમે ।
પણ સત્સંગમાં નહિ રહીએ, જો રાખશો તાણી તમે ॥૧૩॥
માટે આપો આગન્યા, કહું કરગરી તમ આગળે ।
પ્રસન્ન થઈ પધારશું, તો રહેશે મેળાપ કાગળે ॥૧૪॥
સુણી સંત શોકે પડિયા, રાજી નહિ રુવે ઘણું ।
પ્રાણગતવત થયા, સુણી વચન જીવનતણું ॥૧૫॥
ટગ મગ જુવે રુવે વળી, બોલી ન શકે વદને ।

અલબેલાની ઉદાસી જોઈ, રહી નહિ ધીરજ મને ॥૧૬॥
પછી સાધુ રામદાસજીયે, કરજોડી કહ્યું કરગરી ।
જેમ કહો તેમ કરશું, તમે રહો સતસંગમાં હરિ ॥૧૭॥
પછી પ્રભુજી પ્રસન્ન થઈ, કહી વાત સર્વે અંગની ।
મોટા સંત રાખજયો તમે, ખબર સતસંગની ॥૧૮॥
એમ કહીને પધારીયા, ગયા ગામ ડભાણ ।
સતસંગી ને સંત સર્વે, સંગે ચાલ્યા સુજાણ ॥૧૯॥
તિયાં દિન એક રહીને, વળી આવિયા વરતાલ ।
ત્યાંથી આપી આગન્યા, આવો મોટા મોટા મરાલ ॥૨૦॥
ત્યાંથી પ્રભુજી પધારીયા, ગયા બોચાસણ ગામ ।
સુંદર વૃક્ષ જોઈને, કર્યો વાડીએ વિશ્રામ ॥૨૧॥
પછી ત્યાંથી ચાલિયા, વળી ગુવાસદ ગામે ગયા ।
આપી અંબર સોખડે, વળી ટંકારિયે રજની રહ્યા ॥૨૨॥
ત્યાંથી ચાલ્યા ચોપશું, નાથ નર્મદા ઉતર્યા ।
મનિપુરમાં મહારાજ રહી, સવારે ત્યાંથી સંચર્યા ॥૨૩॥
ચોકીમાં પહોર ચાર રહી, પ્રભાતે ત્યાંથી પધારીયા ।
સુરત શહેરને સમીપ ગામે, ઉધનામાં આવી રહ્યા ॥૨૪॥
શહેરમાં સંભળાવીયું, સતસંગી આવ્યા સહુ મળી ।
ભોજન વ્યંજન પૂજાવિધિ, લાવીયા લાખો વળી ॥૨૫॥
હાર અપાર પહેરાવીયા, કરે ધૂપ દીપ આરતી કઈ ।
ઉત્તમ વસ્તુ આગળ મુકી, સુખડીની સીમા નહિ ॥૨૬॥
સંધ્યાસુધી સતસંગીએ, લિધો લાવ લોચનભરી ।
પછી આપી આગન્યા, જાઓ ઘેર સહુ કહે હરિ ॥૨૭॥
ત્યાંથી નાથ પધારીયા, વળી રહ્યા રજની વનમાં ।
વાઘનું વિઘન ટાળી, ચાલ્યા ત્યાંથી મગનમાં ॥૨૮॥
ચિખલિયે પોર ચાર રહી, ધર્મપુર પોતે રહ્યા ।
નયણે નિર્ખિ નાથને, સહુ સંતજન સુખી થયા ॥૨૯॥

ગયાં હતાં બાઈ ગામ બીજે, નામ કુશળ કુંવરજી ।
તર્ત ત્યાંથી આવિયાં, સુણી પ્રભુ પધાર્યા ઘેરજી ॥૩૦॥
નયણે નિરખિ નાથને, સનાથ થઈ એમ જાણીયું ।
અહો મારાં ભાગ્ય મોટાં, એમ કહી આનંદ આણીયું ॥૩૧॥
પછી હાથજોડી કહ્યું નાથને, મહારાજ રાજ કરો તમે ।
તમે અમારા અધિપતિ, સહુ દાસ થઈ રહેશું અમે ॥૩૨॥
અજાણે દિન આટલા, અમે રહ્યાંતાં રાજા થઈ ।
હવે તમે તમારું સાચવો, આ સર્વ તમારું મારું નહિ ॥૩૩॥
પછી પ્રભુજી બોલિયા, નથી રાજય કરવા આવીયા ।
અનેક જીવ ઉદ્ધારવા, આ ભૂમિયે ભમિયે રીયા ॥૩૪॥
એ રાજય તમારું તમે કરો, પણ અંતરમાં રાખજયો હરિ ।
જો રહેશે ઉપાધિ અંતરે, તો ખોટ્ય મોટી જાશે ખરી ॥૩૫॥
બાઈ કહે હવે તમને મુકી, બીજી બલા કોણ રાખશે ।
સુધાસમ શ્યામ તમને, મુકી વિષ કોણ ચાખશે ॥૩૬॥
એવું સુણી પ્રભુ પ્રસન્ન થયા, પછી તેડ્યો સંઘ સુરતતણો ।
આવ્યા સર્વે સતસંગી, લાવ્યા પૂજવા સમાજ ઘણો ॥૩૭॥
સુંદર વસ્ત્ર પહેરાવિયાં, ધર્યો વડો મુગટ માથે વળી ।
ધૂપ દીપ કરી આરતી, પછી લાગ્યાં પાયે સહુ લળી ॥૩૮॥
પછી રાજન રાજી થઈ, કરી કરજોડીને વિનતિ ।
આજ કરો અસવારી હરિ, કૃપા કરો અમારીવતિ ॥૩૯॥
પછી આપી આગન્યા, સારું જાઓ અમે આવશું ।
પછી રાજા રાજી થઈ, શણગારી અસવારી ભાવશું ॥૪૦॥
સુંદર ગજ શણગારીયો, તે ઉપરે બેઠા હરિ ।
શહેર સર્વે સનાથ થયું, નાથ નિરખ્યા નયણાં ભરી ॥૪૧॥
ત્યાં વાજે વાજાં અતિઘણાં, વળી બળે મશાલો બહોળિયું ।
એમ અનેક જીવને, આપિયું સુખ અણતોળિયું ॥૪૨॥
એમ અનંત કરી લીળા, પછી વાંસદે આવિયા ।

સામૈયે સુખપાલ લાવી, રાયે મોતીડે વધાવિયા ॥૪૩॥
પછી પ્રભુ પધરાવીયા, ભૂપે ભુવન પોતાતણે ।
ધૂપ દીપ કરી આરતી, પ્રભુ પૂજીયા પ્રેમે ઘણે ॥૪૪॥
પછી ચરણ ચર્ચિ ચંદને, વળી તેનાં પગલાં પડાવીયાં ।
પ્રીત્યે પોતાને પૂજવા, રાયસિંહે શિશ ચડાવીયાં ॥૪૫॥
પછી હતા દાસ પાસ હરિને, તેને કરી પહેરામણી ।
ત્રણ દિવસ ત્યાં રહી, પછી પધાર્યા ધર્મપુરભણી ॥૪૬॥
આવી ત્યાં ઉત્સવ કર્યો, વસંતપંચમીનો વળી ।
જોઇ લીળા જન મનમાં, મગન થયાં સહુ મળી ॥૪૭॥
પછી પ્રભુને પૂજીયા, બાઇએ બહુ પ્રેમે કરી ।
સુંદર વસ્ત્ર અરપિ અંગે, આપ્યા રૂપૈયા થાળ ભરી ॥૪૮॥
પછી હરિયે હાથશું, આપ્યા રૂપૈયા દીન દાસને ।
સંત પોતે ત્યાગી તને, કોણ રાખે એહ કાશને ॥૪૯॥
અનંત લીળા ત્યાં કરી, તે કહ્યો ન આવે વાતમાં ।
પછી ત્યાંથી ચાલ્યા હરિ, આવિયા ગુજરાતમાં ॥૫૦॥
સમૈયો સારો કર્યો, મહાશુદી પંચમીને દિને ।
ધર્મપુરે કુશળકુંવર, ત્યાં કરી લીળા જીવને ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીનારાયણચરિત્રે મહારાજધર્મપુર પધાર્યા ને ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો એ નામે બોંતેરમું પ્રકરણમ્ ॥૭૨॥